For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# 90 દિવસમાં દંડ ન ભર્યો તો લાઈસન્સ સસ્પેન્ડ અને વાહન બ્લેકલિસ્ટ થશે

**15 ઓગસ્ટથી જ નવી સિસ્ટમ અમલી બની જશે, અધિકારીઓની જવાબદારી પણ નક્કી થશે**

સુરતઃ રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ મંત્રાલયે 'નેક્સ્ટ જન ઈ-ચલણ' સિસ્ટમમાં મહત્વના ફેરફારો કર્યા છે. આ નવી ડિજિટલ એન્ફોર્સમેન્ટ સિસ્ટમથી સમગ્ર ટ્રાફિક મેનેજમેન્ટ પદ્ધતિ બદલાઈ રહી છે, જેમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સીસીટીવી કેમેરા, ઓટોમેટીક નંબર પ્લેટ રેકગ્નિશન, ઈન્ટરસેપ્ટર સ્પીડ ગન અને રેડ લાઈટ વાયલેશન ડિટેક્શન દ્વારા થતા નિયમ ભંગના ફોટા કે વિડિયો સીધા સેન્ટ્રલ સર્વરમાં

...અનુસંધાન પાના 9 પર

### આ પ્રકારે નવો નિયમ લાગુ થશે

- **ચલણની ડિલિવરી:** ટ્રાફિક પોલીસ દ્વારા જનરેટ કરાયેલું ચલણ ડિજિટલ માધ્યમ (SMS કે ઈમેલ) દ્વારા 3 દિવસમાં અને રૂબરૂ 15 દિવસની અંદર વાહન માલિકને મોકલવામાં આવશે.
- **45 દિવસની સમયમર્યાદા:** ચલણ મળ્યા બાદ વાહનચાલકે 45 દિવસની અંદર કાં તો દંડ સ્વીકારીને તેની ચુકવણી કરવાની રહેશે અથવા તો પુરાવા સાથે પોર્ટલ પર તેની સામે ફરિયાદ/વાંધો નોંધાવવાનો રહેશે
- **વાંધા અરજીનો નિકાલ (30 દિવસ):** જો વાહનચાલક પોર્ટલ પર વાંધો ઉઠાવે અને સત્તાધિકારી 30 દિવસમાં તેનો જવાબ ન આપે, તો તે ચલણ આપોઆપ રદ થઈ જશે. પરંતુ જો સત્તાધિકારી વાંધો ફગાવી દે, તો વાહનચાલકે ક્યાં તો આગામી 30 દિવસમાં દંડ ભરવો પડશે અથવા 50% રકમ ડિપોઝિટ કરીને કોર્ટમાં અપીલ કરવી પડશે.
- **છેલ્લી તક (15 દિવસ):** જો કોઈ વ્યક્તિ નિર્ધારિત સમયમાં દંડ પણ નથી ભરતી કે કોર્ટમાં પણ નથી જતી, તો તેને દંડ ભરવા માટે અંતિમ 15 દિવસની વધારાની મુદત મળશે.



### સુરતમાં દર મહિને આશરે 70 હજારથી વધુ ચલણ બને છે અને 2થી 4 કરોડનો દંડ વસૂલાય છે

એક અંદાજ પ્રમાણે સુરત શહેરમાં ટ્રાફિકના વિવિધ નિયમોના ભંગ બદલ ઈ-ચલણ સિસ્ટમ અને ટ્રાફિક પોલીસના સ્થળ પરના ચેકિંગ દ્વારા દર મહિને આશરે 70 હજારથી એક લાખ સુધીના ટ્રાફિક ચલણો બને છે અને દર મહિને સરેરાશ રૂ. 2 થી 4 કરોડના દંડની વસૂલાત કરવામાં આવે છે. આ વસૂલાતમાં સ્થળ પર થતી વસૂલાત અને ઈ-મેમોની વસૂલાતનો સમાવેશ થાય છે.

### સાપુતારામાં મોન્સૂન ફેસ્ટિવલનો પ્રારંભ




સાપુતારા ખાતે યોજાઈ રહેલા 'મોન્સુન ફેસ્ટિવલ-૨૦૨૬' ના ઉદઘાટન સમારોહ દરમિયાન પ્રવાસીઓ માટે વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. **(તસવીર : ગીરીશ ભોયે)**

# વકીલોની હડતાળથી કોર્ટોમાં A4 પેપર સહિતના નિયમોમાં સુધારાની સંભાવના

**આ સુધારાઓ સાથેના નિયમો આવતીકાલે જાહેર કરી કડક અમલ શરૂ કરવામાં આવે તેવી શક્યતા**

### વકીલોની આખો પરિપત્ર રદ કરવાની માંગ છે ત્યારે સોમવારે શું થાય છે તેની પર નજર

રાજ્યભરમાં વકીલોએ પાડેલી હડતાળને કારણે હાઈકોર્ટ દ્વારા નિયમોમાં સુધારા કરવામાં આવ્યા હોવાનું કહેવામાં આવે છે પરંતુ હાઈકોર્ટ દ્વારા જુનો પરિપત્ર રદ કરવામાં આવ્યો નથી. આ સંજોગોમાં હવે હાઈકોર્ટ દ્વારા આગામી તા.10મી ઓગસ્ટથી પરિપત્રમાં કેટલા સુધારાઓ જાહેર કરવામાં આવે છે તેની પર વકીલ આલમની નજર છે. વકીલોની સંપૂર્ણ પરિપત્ર જ રદ કરવાની માંગ છે ત્યારે હાઈકોર્ટનું શું વલણ રહેશે તેની પર સૌ ધ્યાન રાખીને બેઠા છે.

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટ અને રાજ્યની તમામ જિલ્લા અદાલતોમાં કાયદાકીય દસ્તાવેજો માટે હવે A4 સાઈઝના પેપરનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે. જોકે, વકીલો દ્વારા નવા નિયમો સામે વિરોધ અને હડતાળ કરવામાં આવી હોવાથી તેમાં સુધારાઓ કરવામાં આવશે અને આગામી તા.10 ઓગસ્ટ, 2026થી નવા નિયમનો અમલ શરૂ થશે. કોર્ટના રેકોર્ડમાં એકરૂપતા લાવવા, ડિજિટલ રેકોર્ડ અને ઇ-કોર્ટ સિસ્ટમને વધુ સુવ્યવસ્થિત બનાવવા તેમજ કાગળના બગાડને અટકાવવાના હેતુથી આ ફેરફાર કરવામાં આવ્યો છે.

ગુજરાત હાઈકોર્ટના પરિપત્ર મુજબ હવે કોર્ટમાં રજૂ કરવામાં આવતી અરજીઓ અને અન્ય કાયદાકીય દસ્તાવેજો A4 સાઈઝના પેપર પર જ રજૂ કરવાના રહેશે. દસ્તાવેજો માટે ઓછામાં ઓછું 75 GSM ગુણવત્તાવાળું પેપર વાપરવું ફરજિયાત રહેશે. કાગળનો વપરાશ ઘટાડવા માટે દસ્તાવેજની બંને બાજુ પ્રિન્ટિંગ કરવાની રહેશે. કોર્ટના રેકોર્ડને એકસરખા અને વ્યવસ્થિત રાખવા માટે દસ્તાવેજોના ફોર્મેટ સાથે ચોક્કસ ફોન્ટ, ફોન્ટ સાઈઝ અને હાસિયા (Margins) અંગે પણ નિયમો નક્કી

...અનુસંધાન પાના 9 પર

**10 લાખ કોણે લીધા? ક્યા પોલીસવાળાએ કેટલો ભાગ લીધો? ના સૂત્રોચ્ચારો સાથે**

# વકીલ પર હુમલો કરનારા પર વકીલોનો ટપલીદાવ

**ઉધના પોલીસે જામીનલાયક ફરિયાદ લીધી, પરંતુ વકીલોનો રોષ જોતાં ફરિયાદમાં ૧૦૯ (૧)નો ઉમેરો કરવો પડ્યો**

સુરતઃ વકીલ પર હુમલો કરવાની ઘટનામાં એક તરફ આરોપીઓ તરફે એકપણ વકીલ હાજર થયા નહોતા અને ઉપરથી જ્યારે આરોપીને કોર્ટમાં રજૂ કરાયો ત્યારે વકીલોએ સુત્રોચ્ચાર કરી આરોપીનો ટપલીદાવ પણ કરી લીધો હતો. વકીલોના આક્રોશને પગલે આરોપીઓ સામે જામીન લાયક ફરિયાદમાં પોલીસને BNSની ૧૦૯(૧)નો ઉમેરો કરવો પડ્યો હતો.

સુરત જિલ્લા વકીલ મંડળના સભ્ય વકીલ વિનોદ રણછોડભાઈ ગોયાણી પર હુમલો કેસમાં હરિઓમ તોપર તથા અન્ય લોકો વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદના આધારે ઉધના પોલીસ દ્વારા વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા ત્યારે કોઈપણ વકીલે આરોપીઓ તરફથી વકીલપત્ર રજૂ નહીં કરી વકીલ એકતા દર્શાવી હતી. જ્યારે આ કેસમાં ફરિયાદી વકીલને ગંભીર ઈજા છતાં તપાસ અધિકારી દ્વારા આરોપીઓ સામે જામીન લાયક કલમ લગાવી હતી. જે અંગે વકીલો દ્વારા સખત વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. વિરોધનાં અંતે તપાસ અધિકારી દ્વારા ખરેખર લાગુ પડતી કલમ BNSની ૧૦૯ (૧)નો ઉમેરો કરવાની ફરજ પડી હતી.

...અનુસંધાન પાના 9 પર

# યલો એલર્ટની આગાહી વચ્ચે વરસાદે સંપૂર્ણ રજા રાખી

**12 ઓગસ્ટે નવી સિસ્ટમની શક્યતા**

**મહત્તમ તાપમાન 32.1 અને લઘુત્તમ 27.3 ડિગ્રી નોંધાયું**

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં આજે યલો એલર્ટ વચ્ચે વરસાદે વિરામ લીધો હતો. દિવસ દરમિયાન ક્યાંય નોંધપાત્ર વરસાદ નોંધાયો નહોતો. જોકે, વરસાદી માહોલ સંપૂર્ણપણે હળવો થયો નથી. શહેરમાં દિવસભર વાદળછાયું વાતાવરણ રહેવા સાથે તેજ પવનો ફૂંકાતા રહ્યા હતા. બીજી તરફ હવામાનની સ્થિતિ પર નજર રાખી રહેલા તંત્ર અને લોકો માટે આગામી દિવસોમાં ફરી વરસાદી માહોલ સર્જાવાની શક્યતા મહત્વની

...અનુસંધાન પાના 9 પર

## ઉકાઈમાં પાણીની આવક જાવક એકસરખી 17 હજાર ક્યુસેક

**ડેમની સપાટી 334.77, એક હાઈડ્રો બંધ કરી ત્રણ હાઈડ્રો અને એક કેનાલ ચાલુ રાખવામાં આવી**

ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ વરસાદે વિરામ લેતાં ડેમમાં પાણીની આવક અને જાવક બંનેમાં ઘટાડો નોંધાયો છે. આજે ઉકાઈ ડેમમાં 17 હજાર ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જ્યારે ડેમમાંથી પણ 17 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ઉપરવાસમાં વરસાદ ઘટતાં ડેમમાં પાણીની આવકમાં ઘટાડો થયો છે. હાલ ડેમમાંથી નિયંત્રિત રીતે પાણી છોડવાની પ્રક્રિયા ચાલી રહી છે. ડેમના જળસંગ્રહ અને રૂલ લેવલ વચ્ચે સંતુલન જાળવવા માટે પાણીની જાવકનું પ્રમાણ આવકની નજીક રાખવામાં આવ્યું છે. ઉકાઈ ડેમની હાલની સપાટી 334.77 ફૂટ પર પહોંચી છે. ડેમનું રૂલ લેવલ 335 ફૂટ નક્કી કરવામાં આવ્યું છે. રૂલ લેવલની નજીક ડેમની સપાટી પહોંચી હોવાથી જળસપાટી નિયંત્રણમાં રાખવા માટે પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલ એક હાઈડ્રો બંધ રાખવામાં આવ્યો છે, જ્યારે ત્રણ હાઈડ્રો યુનિટ અને એક કેનાલ કાર્યરત છે. ડેમની સપાટી રૂલ લેવલથી ઉપર ન જાય તે માટે હાઈડ્રો અને કેનાલ મારફતે પાણીની જાવક જાળવી રાખવામાં આવી રહી

...અનુસંધાન પાના 9 પર

# 'ડ્રિંક એન્ડ ડ્રામા', નશામાં ધૂત કારીગરોએ બેંક લોક કરી દીધી

**મોડી રાત્રે હનુમાન શેરી સ્થિત પંજાબ એન્ડ સિંધ બેંકમાં રિનોવેશન માટે આવેલા બે કારીગરે પોલીસને કલાકો હંફાવી બેંકને અંદરથી બંધ કરી પોલીસ સાથે ગાળાગાળી પણ કરી, મેનેજરને બોલાવી તાળું ખોલાવવું પડ્યું**

સુરતઃ હનુમાન શેરી સ્થિત પંજાબ એન્ડ સિંધ બેંકમાં રિનોવેશનનું કામ કરતાં કારીગરોએ મોડી રાત્રે દારૂના નશામાં હંગામો મચાવતા હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. પેટ્રોલિંગ દરમિયાન અઠવા પોલીસ ઘટનાસ્થળે પહોંચી તો બંને નશામાં ધૂત શખ્સોએ બેંકનું અંદરથી તાળું ખોલવાનો ઈનકાર કરી પોલીસને પણ હંફાવી હતી. આખરે પોલીસે બેંક મેનેજરને સ્થળ પર બોલાવી તાળું ખોલાવ્યું હતું. ત્યારબાદ હંગામો મચાવનાર બંને કારીગરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, અઠવાલાઈન્સ પોલીસ મથકનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો ત્યારે હનુમાન શેરીના નાકે આવેલી પંજાબ એન્ડ સિંધ બેંક પાસે હોમગાર્ડના જવાનોએ પોલીસને જાણ કરી હતી કે બેંકની અંદર રથી ૩ અજાણ્યા ઈસમો ઘૂસી ગયા છે અને અંદરથી લોક મારી દીધું છે. પોલીસ સ્ટાફે અંદર રહેલા લોકોને સમજાવીને દરવાજો ખોલવા કહ્યું હતું, પરંતુ તેમણે લોક ખોલ્યું ન હતું અને પોલીસ સાથે ગાળાગાળી

...અનુસંધાન પાના 9 પર

# આજે વિશ્વ આદિવાસી દિવસ : સુરતની દરેક જાનમાં વાગે છે આદિવાસી સોંગ્સ

**DJના તાલ સાથે પરંપરાગત આદિવાસી સંગીતનું ફ્યુઝન**

**જાનૈયાઓમાં દેશી ધબકાર સાથે ડાન્સનો નવો ટ્રેન્ડ**

સુરતઃ સુરતમાં લગ્નસરાની શરૂઆત થતાં જ વરઘોડાઓમાં એક નવો અને રસપ્રદ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી બોલિવૂડ, ગુજરાતી ગીતો અને ગરબાના તાલે ઝૂમતા જાનૈયાઓ હવે આદિવાસી ગીતોના તાલે પણ મન મૂકીને ડાન્સ કરતા નજરે પડી રહ્યા છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ સાથે જોડાયેલા ગીતો અને ઢોલના તાલને શહેરી લગ્નપ્રસંગોમાં સ્થાન મળતાં વરઘોડાની રંગત વધુ જામી રહી છે.

વરઘોડામાં DJ પર આદિવાસી ગીતો વાગતાની સાથે જ યુવાનોમાં ઉત્સાહ જોવા મળે છે. ઢોલના

...અનુસંધાન પાના 9 પર



### આ આદિવાસી ગીતો શહેરોમાં મચાવે છે ધૂમ

- રોડા પર ગાડી હાંકે...
- ચમકે ચશ્મા તારા...
- મારી પીળી ટ્યુબલાઇટ...
- દૂધે તે ધોળી મારી મોટર ગાડડી...
- તારો પ્રેમ પૂરો નહીં થાય...
- મારું ગોરીબંધાર નાચવા લાગી રે, ઢોલ વાગે ધીમો ધીમો...
- સજના રે સજના મારો જીવ તારામાં, આદિવાસી ઢોલે તાલ જમાવ્યો...
- કાળી ઘેલી રે તારી આંખડી જાદુ કરી ગઈ, મારા દિલમાં વસાઈ ગઈ...
- એ ઢોલી તારો ઢોલ ધીમો વગાડ, મારે હળવે હળવે નાચવું છે...
- હાલો રે હાલો નગરી જોવા હાલો, રૂપાની વાટે મારો વરઘોડો ચાલ્યો...

### આદિવાસી ગીતોમાં દેશી ધબકાર યુવાનોને પસંદ આવી રહ્યો છે

અડાજણ વિસ્તારમાં આવેલા ગોલ્ડી ખેલૈયા કલાસના પ્રિયક કદમે જણાવ્યા મુજબ, આજના યુવાનો લગ્નપ્રસંગોમાં કંઈક અલગ અને અનોખું કરવા ઇચ્છે છે. આદિવાસી ગીતોમાં રહેલી ઉર્જા, ઢોલનો તાલ અને દેશી ધબકાર યુવાનોને ખૂબ પસંદ આવી રહ્યો છે. તેથી વરઘોડામાં અલગ દેખાવા માટે યુવાનો આ ગીતો પરના ખાસ સ્ટેપ્સ

...અનુસંધાન પાના 9 પર

## વેસુમાં કાપડ વેપારીના હાથમાંથી ૧ લાખના આઈફોનની ચીલઝડપ

સુરતઃ વેસુ ખાતે મની આર્કેડ કોમ્પ્લેક્સ નજીકથી પોતાના ઘર તરફ ચાલતા જઈ રહેલા એક કાપડ વેપારીના હાથમાંથી મોપેડ પર આવેલા બે અજાણ્યા બાઈર્સ રૂ.૧ લાખની કિંમતનો આઈફોન આંચકીને ફરાર થઈ ગયા હતા.

વેસુમાં કેનાલ રોડ પર આવેલા રાજદીપ એપાર્ટમેન્ટ ખાતે પરિવાર સાથે રહેતા ૨૭ વર્ષીય હર્ષ માણકચંદ ચાડક રાધાકૃષ્ણ ટેક્સટાઈલ માર્કેટમાં કાપડનો વેપાર કરે છે. ગત તા. ૦૨/૦૮/૨૦૨૬ ના રોજ રાત્રે હર્ષભાઈ પોતાના ઘર નજીક આવેલા મની આર્કેડ કોમ્પ્લેક્સ ખાતે કામ પતાવીને પરત ચાલીને ઘરે જઈ રહ્યા હતા. તેઓ રાજદીપ એપાર્ટમેન્ટના ગેટ પાસે પહોંચીને હાથમાં આઈફોન પકડી મેસેજ ટાઈપ કરી રહ્યા હતા તે જ સમયે પાછળથી કાળા કલરની મોપેડ પર કાળા કપડાં પહેરીને આવેલા બે અજાણ્યા શખ્સો હાથમાંથી મોબાઈલ આંચકી સોમેશ્વરા એન્ક્લેવ તરફ જતાં રસ્તા પર પૂરપાટ ઝડપે વાહન ભગાવી નાસી છૂટ્યા હતા. મોબાઈલ આંચકી જનાર બંને અજાણ્યા ઈસમો વિરુદ્ધ હર્ષભાઈએ પ્રથમ સીટીઝન

...અનુસંધાન પાના 9 પર

# કપરાડાના વડોલી ગામે ભૂકંપ અનુભવાતા ગ્રામજનોમાં ફફડાટ

**ઘરના પંખા હલવા લાગ્યા અને જમીનમાં કંપન સાથે વાસણો ખખડ્યાં**

**ડુંગરાળ વિસ્તાર હોવાથી લોકો ઘરની બહાર દોડી આવ્યા**

વલસાડ : સિસ્મેક ઝોન.3મા આવતા વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામા વડોલી ગામના રાનવેરી ફળિયા અને મોરવહાળ ફળિયામાં શનિવારે રાત્રે 10 કલાકે અચાનક ભૂકંપનો આંચકો લોકોએ અનુભવ્યો હતો. ડુંગરાળ વિસ્તાર હોઈ લોકોમાં ગભરાટનું વાતાવરણ જોવા મળ્યું હતું. જોકે હળવા કંપન બાદ તેનું પુનરાવર્તન ન થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ શનિવારે રાત્રે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અને મહારાષ્ટ્રને અડીને આવેલા વડોલી ગામના રાનવેરી ફળિયા અને મોરવહાળ ફળિયામાં જ્યારે લોકો સૂવાની તૈયારીઓ કરી રહ્યા હતા તે સમયે અચાનક ભૂકંપના આચકાઓ અનુભવાયા હતા. કેટલાક ગ્રામજનોએ જણાવ્યું કે અચાનક ઘરના પંખા હલવા લાગ્યા હતા અને જમીનમાં કંપન સાથે વાસણો ખખડ્યા હતા. ધરતીના કંપનથી સ્તબ્ધ થયેલા લોકો ધરતીકંપ થયો હોવાનું જાણી ઘરની બહાર નીકળી ગયા હતાં. નોંધનીય છે કે 2011ના વર્ષમાં સપ્ટેમ્બર માસમાં પણ કપરાડા તાલુકાના ખૂટલી, વારોલી જોગવેલ સહિતના ગામોમાં પણ 1.07 રિચર સ્કેલનો ઝટકો લાગ્યો હતો. ગત ચોમાસામાં ધરતી કંપન બાદ વાડી ગામમાં જમીનમાં 500 મીટર સુધી તિરાડ પડી ગઈ હતી. તો ચાલુ વર્ષે 23 જુલાઈએ આવેલા ધોધમાર વરસાદ બાદ તીસકરી ગામ સહિત અનેક ગામોમાં ડુંગર ધસી પડવાની ઘટનાઓ નોંધાય હતી. જેના તીસ્કરી જંગલ ગામમાં

...અનુસંધાન પાના 9 પર

# સસ્તા સોનાના નામે 1.09 કરોડની ઠગાઈ કરનાર ઝડપાયો

**મુન્દ્રા પોર્ટ પરથી છોડાવેલું 800 ગ્રામ સોનું 4 ટકા સસ્તું આપવાની લાલચ આપી સોની વેપારીને શિકાર બનાવ્યો**

**વરાછા પોલીસે કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા**

સુરતઃ મુન્દ્રા પોર્ટ પરથી છોડાવેલું સોનું બજારભાવ કરતાં 4 ટકા સસ્તા ભાવે આપવાની લાલચ આપી વરાછાના સોની વેપારી પાસેથી રૂ.1.09 કરોડ પડાવી લીધા બાદ ફરાર થઈ ગયેલા આરોપીને વરાછા પોલીસે ભાવનગરથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તેના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

પોલીસના જણાવ્યા મુજબ, વરાછા બરોડા પ્રિસ્ટેજ પાસે લક્ષ્મી કોમ્પ્લેક્સમાં અંબિકા જ્વેલર્સ ધરાવતા નિકુંજ અશોકભાઈ લુંભાણી સાથે તેમના જૂના ગ્રાહક

...અનુસંધાન પાના 9 પર

### સોનાની દલાલીમાં બે કરોડનું દેવું થઈ ગયું હતું, ઠગાઈની રકમ લેણદારોને ચૂકવી દીધી

પોલીસના રિમાન્ડ દરમિયાન આરોપીએ સોનાની દલાલીમાં 2 કરોડનું દેવું થઈ જતાં મળેલી રકમમાંથી લેણદારોને નાણાં ચૂકવી દીધા હોવાનું રટણ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. આરોપી સોનાની દલાલી માટે અવારનવાર આફ્રિકા અને દુબઇ જતો હોવાથી આફ્રિકાનો એક સીમ ખરીદી કર્યો હતો. જે નંબરથી ઠગાઈ આચરી હોવાનું પણ બહાર આવ્યું છે.

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**સાતમી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલી**



સ્વ. વનિતાબેન આલોકકુમાર પટેલ
સ્વ.તા.૦૯/૦૮/૨૦૧૯

આપની હયાતી અમારી પ્રેરણા હતી આપના આદર્શ અને કાર્યદક્ષતા અમારા માર્ગદર્શક હતા. આપનો માયાળુ અને નિ:સ્વાર્થ સ્વભાવ અમોને સદા પ્રેરણા આપતો રહેશે. તમારા અથાગ પરિશ્રમ દ્વારા સાંપડેલી પ્રગતિ, રિધ્ધી, સિધ્ધી અને જીવનભરના શ્રમયજ્ઞની ફલસિધ્ધી માટે અમો આપના સદાય ઋણી છીએ. આવા પુણ્યશાળી આત્માને પરમકૃપાળુ પરમાત્મા દિવ્ય શાંતિ અર્પે એવી પ્રાર્થના.

શોકાતુર

આલોકકુમાર સુરેશભાઇ પટેલ — સિધ્ધી સાગર પટેલ
સાગર આલોકકુમાર પટેલ — ડેઝી આલોકકુમાર પટેલ
રાધા-કૃષ્ણ હિન્દી વિદ્યાલય — રાધેશ્યામ ઈંગ્લિશ સ્કૂલ
સાગર ઈંગ્લિશ સ્કૂલ — શિવ સાગર સ્કૂલ
શાળા પરિવાર

**"શ્રી સુરતી મોઢ વણિક અવસાન" પ્રાર્થના સભા**



સ્વ.ધનગૌરીબેન રતિલાલ ચલિયાવાળા
૧૯૩૫-૨૦૨૬

સ્વ. શ્રી ચંદુલાલ ત્રિભોવનદાસ ચલિયાવાળાના જ્યેષ્ઠ પુત્ર શ્રી સ્વ. રતિલાલ ચંદુલાલ ચલિયાવાળાના ધર્મપત્ની શ્રીમતી ધનગૌરીબેન રતિલાલ ચલિયાવાળા કે જે અમારા માતૃશ્રી નું કુદરતી અવસાન તા. ૦૮.૦૮.૨૦૨૬ ના રોજ થયું છે.

તેઓની પ્રાર્થના સભા ૦૯-૦૮-૨૦૨૬ રવિવાર ના રોજ સવારે ૧૦ થી ૧૧ ના સમયે નીચે દર્શાવેલ સ્થળે રહેશે.
સ્થળ- દ્વારકા હોલ, બીજો માળ, અગ્રેસનભવન, સિટીલાઇટ રોડ, સુરત.

લિ.
સ્વ. ચંદુલાલ ત્રિભોવનદાસ ચલિયાવાળા - સ્વ. રતિલાલ ચંદુલાલ ચલિયાવાળા
હરીશ રતિલાલ ચલિયાવાળા - ભારતી હરીશ ચલિયાવાળા
કિશોર રતિલાલ ચલિયાવાળા - સંધ્યા કિશોર ચલિયાવાળા
કૌશિક રતિલાલ ચલિયાવાળા - પન્ના કૌશિક ચલિયાવાળા
હેમંત રતિલાલ ચલિયાવાળા - કામીની હેમંત ચલિયાવાળા
ગં.સ્વ. નીલા અશ્વિન કાપડિયા - સ્વ. અશ્વિન જેકિશનદાસ કાપડિયા
સમગ્ર ચલિયાવાળા પરિવાર ના હરિ ૐ.
9925714529, 9979115651

**છઠ્ઠી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ**



સ્વ.રમીલાબેન દેવચંદભાઈ પટેલ
સ્વ.તા.૦૯/૦૮/૨૦૨૦

તમારો લાગણીભર્યો સ્વભાવ અને અમારા સૌ સાથેનો આત્મીય લગાવ હંમેશા યાદ રહેશે.
તમારી સદભાવના ભરી મીઠી સ્મૃતિઓ કદી નહિ ભુલાય.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

લિ. નિરવ હર્ષદભાઈ પટેલ (જમાઈ)
જાગૃતિ નિરવભાઈ પટેલ (પુત્રી)
નિરાલી, હાર્દિક, અનેરી
સરનામું : ૧૫, શ્રીરંગકૃપા સોસાયટી, જમનાનગર, ઘોડદોડ રોડ, સુરત.